

ગરબાનો રંગ જામ્યો - શહેરમાં ત્રીજા નોરતે ગરબાની જમાવટ થઈ હતી... શનિવારની રાત્રે શહેરના તમામ ગરબા ગ્રાઉન્ડ ખેલૈયાઓથી છલકાયા હતા... મન ભરીને ગરબે રમી લેવા ખેલૈયાઓ ઉમંગથી અવનવા સ્ટેપ્સ સાથે ગરબે ઘુમતા હતા...

# જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ખોટવાય તેવી સ્થિતિ

## માત્ર બે મહિનાની જ ગ્રાન્ટ અપાઈ છે : સાધનોની ગુણવત્તા, ક્ષમતા સામે પણ પ્રશ્નાર્થો : ૧ થી ૫ની શાળામાં કોમ્પ્યુટર નથી અને શાળાએ ઓનલાઈન વિગતો આપવાના હૂકમો

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાત સરકારે અમલમાં મુકેલ જ્ઞાનકુંજ પ્રોજેક્ટ ખોરંભે પડે તેવી સ્થિતિનું નિર્માણ થવા પામ્યુ છે.

મળતી વિગતો પ્રમાણે જ્ઞાનકુંજ પ્રોજેક્ટ માટે માત્ર બે માસની જ ગ્રાન્ટ ઈન્ટરનેટ કનેક્શન માટે જે તે શાળાને આપવામાં આવી છે.

આ ઉપરાંત જે શાળાઓમાં આ પ્રોજેક્ટનું અમલીકરણ શરૂ કરવામાં આવ્યુ છે ત્યાં તેના સાધનોની ગુણવત્તા અને ક્ષમતા સામે પણ પ્રશ્નાર્થો ઉભા થઈ રહ્યા છે. લેપટોપ અને સ્ક્રીનની ક્ષમતામાં ખાસ્સો મોટો તફાવત હોવાથી બાળકોના સમયમાં પણ વ્યય થતો અનુભવે જણાઈ રહ્યુ છે.

આ ઉપરાંત રાજ્ય સરકારે ૧ થી ૫ ની પ્રા. શાળાઓમાં હજુ કોમ્પ્યુટરની સુવિધા આપી નથી અને બધી જ કામગીરી શાળાએ ઓનલાઈન કરવાની સૂચનાઓ સરકારે આપી દીધી છે.

શિક્ષણ વિભાગને છાશવારે નવા પ્રયોગો કરવા માટે જ ચલાવતો હોય તેવી વાતો વિભાગ અને જિલ્લા તેમજ ગ્રામ્ય સ્તરે હવે ખુલીને થવા લાગી છે. શિક્ષણ વિભાગ દ્વારા જ કરકસરની વાતો અને અમલ કરવામાં આવી રહ્યો છે.

જ્ઞાનકુંજ જેવા મહત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં ઈન્ટરનેટ કનેક્શન માટે બે જ માસની ગ્રાન્ટ એ આનો જીવતો જાગતો પુરાવો હોવાની વાતો થાય છે.

# મેડીકલ કોલેજના અધ્યાપકો આજથી કાળી પટ્ટી ધારણ કરી આંદોલન કરશે

## માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય નહિ લે તો આંદોલન ઉગ્ર બનાવવામાં આવશે

ગાંધીનગર, તા. ૨૪

ગુજરાતની તમામ સરકારી મેડીકલ કોલેજના તમામ તબીબી શિક્ષકો આજથી કાળીપટ્ટી ધારણ કરી અને તેમની ફરજો બજાવશે. જો આ પછી પણ સરકાર તેમની માંગણીઓ અંગે યોગ્ય નિર્ણય નહિ લે તો આંદોલન ઉગ્ર બનાવવામાં આવશે.

જીએમટીએના પ્રમુખ ડૉ. રજનીશ પટેલ અને ડૉ. જે.સી. મકવાણાએ જણાવ્યું છે કે ૩-૪-૧૨ના રોજ સરકારે આપેલ ખાત્રી પછી પણ તેમના પ્રશ્નો ઉકેલવાની દિશામાં કોઈ નક્કર કાર્યવાહી થઈ ન હોવાથી ના છૂટકે ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનનો નિર્ણય કરવો પડ્યો છે.

તેમણે એમ પણ કહ્યુ કે અમે ૧૧-૯-૧૭ના રોજ આવેદનપત્ર આપી સરકારને રજુઆત કરી છે અને તેમાં પણ ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલનની વાત કહી હતી અને પડતર માંગણીઓ જેવી કે જીપીએસસી, વન ટાઈમ ઓનલી, ગુજરાતની તમામ સરકારી કોલેજોમાં, ટેકનીકલ એજ્યુકેશન તથા દેશના ઘણા રાજ્યોની જેમ, યુજીસી નિયમ અંતર્ગત કેરીયર એડવાન્સમેન્ટ સાથે હોદ્દો આપવું. તેના પેન્ડીંગ કેસો ત્વરિત પૂર્ણ કરવા, એડહોક સેવા વિનીયમિત અને સળંગ કરવાના તમામ કેસોને સમય મર્યાદામાં પૂર્ણ કરવા. ફીડર કેડરનો પ્રશ્ન તાત્કાલિક હલ કરવામાં આવે, સરકારના વિવિધ પ્રભાગમાં વિવિધ હોદ્દા પર કરેલ સેવાઓને સળંગ

● અનુસંધાન પાન-૭ પર

# લાભ પાંચમથી ૯૦૦ના ટેકાના ભાવે મગફળી ખરીદાશે

## આ વર્ષે સારા વરસાદથી થયેલા મગફળીના વિપુલ ઉત્પાદનના વેચાણ માટે મુખ્યમંત્રીનો કિસાન હિતકારી ઐતિહાસિક નિર્ણય : ખેડૂતના હાથમાં મણ દીઠ રૂ. ૨૫૦ વધારાના આવશે

ગાંધીનગર, તા. ૨૪

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના મગફળી પકવતા ધરતીપૂત્રોના વિશાળ હિતમાં એક મહત્વપૂર્ણ ઐતિહાસિક નિર્ણય લઈને આગામી લાભપાંચમ ૨૫ ઓકટોબરથી રૂ. ૯૦૦ પ્રતિમણના ટેકાના ભાવે સરકાર મગફળી ખરીદશે તેવી જાહેરાત કરી છે.

વિજયભાઈ રૂપાણીએ આ અંગેની ઘોષણા કરતા કહ્યુ કે આ વરસે રાજયમાં ખુબ સારો વરસાદ થતા તે ખેડૂતો માટે ૧૬ આની એટલે કે ૧૦૦ ટકા લાભદાયી નિવડયો છે. આના પરિણામે રાજયમાં વિપૂલ પ્રમાણમાં મગફળી, અડદ, તુવેરદાળ કપાસ જેવા પાકોનુ ઉત્પાદન ખેડૂતોએ કર્યુ છે.

મુખ્યમંત્રીએ જણાવ્યુ કે આ વિપુલ ઉત્પાદન થતા ખેડૂતોને તેમનો આ પાક-ઉત્પાદન બજારમાં સસ્તા ભાવે વેચવા વારો ન આવે તેની અગમચેતી રાખીને રાજય સરકારે મગફળીની ખરીદી રૂ. ૯૦૦ પ્રતિ મણના ભાવે ૧૦૬ કેન્દ્રો પરથી કરવાનો નિર્ણય કર્યો છે.

તેમણે કહ્યું કે, હાલ મગફળીનો પ્રતિ મણ બજાર ખરીદ ભાવ ૬૦૦-૬૫૦ ચાલે છે તે સામે રાજય સરકાર રૂ. ૯૦૦ પ્રતિ મણ ખરીદી કરશે. એટલે કે પ્રતિ મણ રૂ. ૨૫૦ રૂપિયા ખેડૂતોને વધુ કિમત મળશે.

રાજય સરકારે ૨૦૧૬-૧૭ના વર્ષમાં ૧ લાખ ૯ હજાર ૫૮ ધરતીપૂત્રોની ૨.૧૦૭ લાખ મેટ્રીક ટન મગફળી રૂ. ૮૮૯.૨૯ કરોડના ટેકાના ભાવે ખરીદી હતી. ખેડૂતોને રૂ. ૧૭૫.૨૪ કરોડનો ફાયદો આ ટેકાના ભાવે સરકારે ખરીદી કરતા થયો હતો.

મુખ્યમંત્રીએ જણાવ્યુ કે આ વર્ષે અંદાજે ૩૨ લાખ મે.ટન મગફળી થવાનો અંદાજ છે અને રાજય સરકારે રૂ. ૯૦૦ પ્રતિ મણના ભાવે ખરીદી કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરતા ધરતીપૂત્રોને અંદાજે ૫૦૦ કરોડ જેટલી વધારાની રકમ મળવાની છે. રાજય સરકાર અડદ, તુવેર, કપાસ વગેરેની પણ ટેકાના ભાવે ખરીદી કરવાની છે.

ગત વર્ષ ૨૦૧૬-૧૭માં રૂ. ૮૮૫.૮૫ કરોડના ટેકાના ભાવે ૧.૭૫ લાખ મે.ટન તૂવેર ૯૨૬૭૬ ખેડૂતો પાસેથી ખરીદવામાં આવ્યા હતા પરિણામે રૂ.૩૨.૬૬ કરોડનો ફાયદો ખેડૂતોને થયો હતો.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે ૨૦૧૬-૧૭ના વર્ષમાં મગફળીનો ટેકાનો ભાવ પ્રતિ કિવન્ટલ ૪૨૨૦ હતો તે વધારીને આ વર્ષે ૪૫૦૦ કરવામાં આવ્યો છે. તૂવેરનો ભાવ રૂ. ૫૦૫૦ હતો તે રૂ. ૫૪૫૦, અડદના રૂ.૫૦૦૦ના રૂ. ૫૪૦૦ અને મગના રૂ. ૫૨૨૫ના રૂ. ૫૫૭૫ કરવામાં આવ્યા છે.



બાળકોનો ઉમંગ - નવરાત્રીમાં અબાલ-વૃદ્ધ, નર-નારી સૌ ઉમંગથી છલકાય છે... સામુહિક ભાવ સાથે ઉજવાતા આ ઉત્સવમાં સમગ્ર સમાજના તમામ વય જૂથના ખેલૈયાઓ ગરબે ઘુમતા હોય છે... શહેરના બાળકો પણ અવનવા પરંપરાગત પહેરવેશમાં ગરબે ઘુમી આનંદની અનુભૂતિ કરે છે...

# જિલ્લાના ૧૦૦ ગામોમાં ગરીબી નિવારણ માટે વિશેષ કામગીરી થશે

## ૨જી ઓક્ટો.ના રોજ ગ્રામસભા યોજવામાં આવશે : હાલ મોતીપુરા(વે)માં પ્રાયોગિક ધોરણે કામ હાથ ધરાશે

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ૧૦૦ ગામોમાં ગરીબી નિર્મૂલન અંગે અંત્યોદય મિશન અંતર્ગત કામગીરી હાથ ધરવામાં આવશે. આ મિશન અંતર્ગત ૨જી ઓક્ટો.થી કામગીરીનો આરંભ પણ થશે.

મળતી વિગતો પ્રમાણે જીટીયુના વિદ્યાર્થી, તલાટી અને સરપંચ સાથે મળી ગામના પ્રશ્નો, ગામના ગરીબ પરિવારો, રોગગારીની તકો, ગામમાં ગુનાનું પ્રમાણ વિગેરે બાબતોને ધ્યાને રાખી આખો રોડ મેપ તૈયાર કરવામાં આવશે.

તાજેતરમાં જિલ્લાના તાલુકા વિકાસ અધિકારીઓની મળેલ બેઠકમાં દરેક તાલુકાના ૨૫ ગામોમાં આ પ્રોજેક્ટ હાથ ધરી શકાય તે માટેની સૂચનાઓ આપવામાં આવી હતી.

તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ પાયલોટ પ્રોજેક્ટ તરીકે હાલ મોતીપુરા(વે) ગામને અગ્રતા આપવાની વિચારણા ચાલી રહી છે. આ પછી સર્વેના અંતે જે ગામો પસંદ થશે તેમાં ક્રમશઃ કામગીરી હાથ ધરવામાં આવશે.

આ સૂત્રોએ સ્વીકાર્યુ છે કે ગ્રામીણ સ્તરે જ રોજગારીની તકોની શક્યતાઓ સર્વેમાં ચકાસવામાં આવશે અને તેથી જ સર્વે થઈ આવેલા ફોર્મની ચકાસણી ૧૦ ટકાના ધોરણે તાલુકા વિકાસ અધિકારી કક્ષાએ જ કરવામાં આવશે.

મળતી વિગતો મુજબ આ માટે ૨જી ઓક્ટો.ના રોજ પસંદ થયેલા ગામોમાં ખાસ ગ્રામસભા યોજવામાં આવશે. જેમાં મનરેગાનું લેબર બજેટ મંજૂર કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

# સેન્ટ્રલ વર્જ માર્ગ સલામતીની દ્રષ્ટીએ જોખમી : વાહનચાલકોને વિઝન મળતુ નથી

ગાંધીનગર તા ૨૪

શહેરમાં વરસાદી દિવસોના અંતે સેકટરોમાં સમસ્યાઓનો ઢગ ખડકાયો છે. સેકટરોને ગંદકીની સમસ્યા ભરખી ગઈ છે. જયારે માર્ગો પર મોટામસ ગાબડા જોવા મળી રહયા છે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો પર ઉગી નિકળેલા ઘાસની સફાઈ થઈ નથી. શહેરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત ફુલછોડની આસપાસ તોતિંગ ઘાસ અને વનસ્પિત ઉગી નિકળતા વાહનચાલકોને વિઝન મળતુ નથી. જેના લીધે માર્ગ સલામતી જોખમાઈ છે. સેન્ટ્રલ વર્જ જોખમી બનતા અકસ્માતો સર્જાય છે.

**સેન્ટ્રલ વર્જમાં ઉગી નિકળેલા તોતિંગ ઘાસની સફાઇ ન થતા અકસ્માતો સર્જાય છે**

શહેરમાં મુખ્યમાર્ગો તેમજ સેકટરોના આંતરિક માર્ગો આસપાસ સ્થિત વૃક્ષોની વનરાજીને અનુલક્ષી સમયસર ટ્રીમીંગ ન થતા સ્ટ્રીટ લાઈટના થાંભલાથી લઈ વાહનચાલકો માટે પણ અડચણ ઉભી થાય છે. જયારે કેટલાક ઠેકાણે માર્ગ સલામતીની દ્રષ્ટીએ પણ જોખમી સ્થિતિ સર્જાઈ હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. વરસાદી દિવસોના અંતે યોગ્ય ટ્રીમીંગ ન થતા વૃક્ષોની તોતિંગ ડાળીઓ પણ નમી પડેલી હાલતમાં છે. જયારે નગરના મુખ્યમાર્ગા વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ બિનજરૂરી ઘાસ તેમજ વનસ્પિત ઉગી નિકળતા વાહનચાલકો માટે મોટી અડચણ ઉભી થઈ છે. મુખ્યમાર્ગો પર ક્રોસ પોઈન્ટ નજીક જ સેન્ટ્રલ વર્જમાં મોટુ ઘાસ ઉગી નિકળતા વાહનચાલકોને યોગ્ય વિઝન ન મળતા અકસ્માતો સર્જાય છે. આમ પણ શહેરમાં ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે બેફામ દોડતા વાહનો ગમે ત્યારે અકસ્માત નોંતરે છે. માર્ગ વચાળે જ મોટુ મસ ઘાસ ઉગી નિકળતા રોડ ક્રોસ કરનારા વાહનચાલકોને સામેથી આવતા વાહનો વિઝનમાં આવતા નથી. જેના લીધે આ જોખમી સ્થિતિ ઉભી થઈ છે. શહેરના મુખ્ય માર્ગો ઘ અને ચ માર્ગ પર દિવસ દરમિયાન ટ્રાફિકનો સતત ધમધમાટ રહે છે. ત્યારે ત્વરિત અસરથી માર્ગ સલામતીની દ્રષ્ટિએ ભયજનક સ્થિતિનુ નિર્માણ કરતા પરિબળો દુર કરવા માટે સેન્ટ્રલ વર્જની યોગ્ય સફાઈ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com